# દેડકીનું બચ્ચું અને વિમાન | શ્રદ્ધા ત્રિવેદી

[**દેડકીનું બચ્ચું અને વિમાન** : પુષ્પા અંતાણી, આર.આર. શેઠની કું., ૨૦૦૭, પૃ. ૫૬, રૂ. ૩૫]

ગુજરાતી બાલસાહિત્યમાં છેલ્લા દસકામાં ઘણી નવી કલમો આવી છે ને આ કલમોને લીધે બાલસાહિત્યમાં નવી રોનક આવી છે. તેમાંય ઘણી લેખિકાઓએ મૌલિક સાહિત્ય આપ્યું છે. કુટુંબનાં જ બાળકોની રોજની વાર્તાની માંગણી એ મોટેભાગે નવા વાર્તાસર્જનનું મહત્ત્વનું પરિબળ છે. બાળકોને નજર સમક્ષ ઊછરતાં જોવાથી, તેમના માનસને સંતોષે અને તેમના વ્યક્તિત્વને સુંદર ઘાટ મળે તેવી સહજ ભાવનાથી આ વાર્તાઓ વધુ જીવંત બને છે. આવી જીવંતતાનો અને તાજગીનો અનુભવ પુષ્પા અંતાણીના બાલકથાસંગ્રહ 'દેડકીનું બચ્ચું અને વિમાન'માં સુપેરે અનુભવાય છે. સંગ્રહ તો બહુ નાનકડો છે. નવ જ વાર્તા અને ૫૬ જ પાનાં. પણ રૂપકડો છે ને બાળકો માટે તો ગોળનો ગાડવો છે. આ સંગ્રહની વાર્તાઓ તેમને ગમે જ તેવી છે. બાળકની મનોસૃષ્ટિની લેખિકાને પૂરી જાણકારી છે તેવું આ વાર્તાઓ પ્રતીત કરાવે છે. બાળકોની કલ્પનાઓ અહીં ચરિતાર્થ થાય છે. બાળકો માટે તો બધું જ જીવંત છે. અને જડ-ચેતન, પશુ-પંખી-માણસ એવો કોઈ ભેદ હોતો જ નથી. તેથી જ દેડકીનાં બચ્ચાંની ઇચ્છાની પણ તેમને ખબર પડે ને તેની ઇચ્છા પૂરી પણ થાય. દેડકીના બચ્ચાએ વિમાન જોયું ને સ્વાભાવિક છે કે તેને તેમાં બેસવાનું મન થયું. લેખિકાએ 'દેડકીમમ્મી' શબ્દ વાપરીને માતા-બાળકની ભાવનાને સરસ જીવંત રૂપ આપ્યું છે. વાર્તા નાની છે પણ તેની ખિલાવટ-માંડણી-રજૂઆત સરસ છે. માત્ર આ વાર્તા પૂરતું જ નહીં, અહીંની બધી વાર્તાઓ નિરૂપણરીતિએ સુંદર રીતે વિકસતી જાય છે ને શુદ્ધ સાચી બાલકથા બની રહે છે. દેડકીના બચ્ચાએ વિમાન જોયું ને પછી તેમાં બેસવાની હઠ કરી. બચ્ચું તો જોરજોરથી રડવા લાગ્યું. દેડકીમમ્મીએ તો બહુ સમજાવ્યું પણ એ તો રડ્યા જ કરે. પછી તો દેડકીમમ્મીએ બકરી, ગાય, ઘોડો, વાંદરો બધાંને પૂછ્યું પણ બધાંએ એની ઠેકડી ઉડાડી ને કહ્યું કે દેડકીનું બચ્ચું વિમાનમાં બેસી ના શકે. પણ બાલકથામાં તો દેડકીનું બચ્ચું વિમાનમાં બેસવું જ જોઈએ. સાચા નહીં તો આભાસી વિમાનમાં તેને બેસાડીને આનંદ તો કરાવવો જ પડે. તેથી 'ગૂન... ગૂન... ગૂન...' કરતા ભમરાભાઈનો અવાજ સાંભળી બચ્ચાને થયું કે આ તો વિમાનનો અવાજ છે ! તે તો શાંત થઈ ગયું. ચાલાક દેડકીમમ્મીએ તરત ભમરાને રોકીને કહ્યું : 'તું વિમાન બન ને મારા બચ્ચાને ફેરવ. એને વિમાનમાં બેઠાનો આનંદ થશે.' પણ ભમરો પહેલાં તો હસ્યો પણ પછી તેણે સામે એક માંગણી કરી કે જો તે વિમાન બની બચ્ચાને ફેરવે તો દેડકીએ પણ વરસાદી રાતે જાગતાં રહીને અવાજ કરવાનો જેથી તેને બીક ન લાગે. દેડકીમમ્મી તો બચ્ચાની ખુશી માટે આ કરવા તૈયાર થઈ. ભમરાએ પછી દેડકીના બચ્ચાને પીઠ પર બેસાડ્યું. (અહીં મોટાઓને થાય કે બચ્ચું બેસી કેમનું શકે ? ભમરાની પીઠ કંઈ એટલી મોટી હોતી નથી. પણ બાળક માટે આવી કોઈ અવઢવ હોતી નથી. તેને તો રડતું બચ્ચું ભમરાના તો ભમરાના વિમાનમાં બેસે ને ખુશ થાય તે જ ગમે. તેમાં જ તે રાજી. બાળકની દૃષ્ટિએ ભમરો તો શું, એનાથી કોઈ નાનું જંતુ હોય તોય દેડકીનું રડતું બચ્ચું તેના પર બેસી શકે. એ જ તો બાળમાનસની આનંદસૃષ્ટિનું રહસ્ય છે.) ગોળ-ગોળ, આમ-તેમ ફેરવ્યું. કેટલાંય ચક્કર લગાવ્યાં ને પછી બચ્ચાને નીચે ઉતાર્યું. તો બચ્ચું બોલ્યું : 'મા, મા, મને વિમાનમાં બેસવાની બહુ મજા આવી.' બચ્ચુંય ખુશ, દેડકીમમ્મીયે ખુશ ને બાળક પણ ખુશ ! પછી ભમરાએ કહેલું તેમ દેડકીમમ્મીએ વરસાદી રાતે 'ડ્રાઉં ડ્રાઉં' કરવાનું શરૂ કર્યું. માતા પોતાના સંતાનની ખુશાલી માટે કેટકેટલું સહે છે તે પણ જોઈ શકાય છે ! 'બિલ્લી વાઘ તણી માસી' એ વાર્તામાં ચિલ્લી બિલાડીની ચતુરાઈ બાળકને આનંદ પમાડે છે. પોતે શહેરમાં રહી તેથી નાની રહી ને પોતાની બહેન જંગલમાં ગઈ તેથી પડછંદ થઈ એમ કહી, પોતે વાઘની માસી જ છે ને છતાંય સાવ સૂકલી છે તે બતાવ્યું છે. ને વાઘ તે સાચું માની લે છે. 'બિચારો કાગડો !' તેના અંતને કારણે ખાસ ધ્યાનપાત્ર છે. નાનકડું કુરકુરિયું કાગડાને તેને મોઢે જ તે કાણો છે તે કહેવડાવવા જે ત્રાગડો રચે છે તેમાં જ વાર્તાની મજા છે. કાગડો તેને ખાડામાં પાડે છે. પણ ત્યાં રહ્યે રહ્યે તે કહે છે : 'કાગડાભાઈ, જો તમે મને બહાર નહીં કાઢો તો હું ખાડામાંથી જ બૂમો પાડીશ કે હું તમને કાણો કહેતો હતો તેથી તમે મને આ ખાડામાં નાંખી દીધું છે.' આમ કાગડાને બધી રીતે હેરાન કરે છે. અંતે કાગડો શરમનો માર્યો ઊડી જાય છે. નાનકડા કુરકુરિયાની નિર્દોષતાભરી આ મજાક મસ્તી વાચકને પણ આનંદ કરાવે છે. 'ભોલુ અને ગોલુ' એ નીલુ બકરીના બચ્ચાં છે. ગોલુ પોતાની બુદ્ધિથી બંડુ શિયાળને ભોંયરામાં પૂરી દે છે તેની ચાતુરીપૂર્ણ સરસ વાર્તા છે. 'વરાળ બની મોતી'ને વિજ્ઞાનકથા કહી શકાય. વરાળમાંથી વાદળ થઈ, અંતે વરસાદના પાણી રૂપે તે નીચે આવે છે આ હકીકતને ઈવાની મોતીની માળા સાથે સરસ રીતે સાંકળી છે. ઊકળતા પાણીની વરાળ રડતી ઈવાને બોલાવે ને પોતાનેય મોતી બનવું છે તેવું જણાવે. વરાળ મોતી બનવા ભગવાનને મળવા ઉપર જાય. ને અંતે વરસાદના પાણી રૂપે મોતી બની પાછી આવે. વૈજ્ઞાનિક તથ્યને સરસ કલ્પનાકથા રૂપે મૂકી આપ્યું છે. 'સસલું અને લોમડી'માં સજ્જનતાનો સ્પર્શ દુર્જનને પણ સજ્જન બનાવે છે તે દર્શાવવાની સાથે, સજ્જને દુર્જનથી ચેતતા રહેવું અને દુર્જનની મૈત્રી ન કરવી તે સત્ય બહુ ભાવાત્મક રીતે સમજાવ્યું છે. સસલું પોતાની પવિત્ર મૈત્રીભાવનાથી દુષ્ટ લોમડીમાં પરિવર્તન તો લાવે છે પણ 'આપણે ફરીથી જેવાં હતાં તેવાં જ ભાઈબંધ ન થઈ શકીએ' – તેમ માને છે ને તેથી લોમડી સાથેના મૈત્રીસંબંધનો અંત લાવે છે. આ વાર્તા બાળકને વ્યવહારજગતમાં કેવું વર્તવું જોઈએ તેની સુંદર શીખ આપે છે. 'ફૂતકડાં ફૂતકડાં કબૂતરો' સાપને બચાવે છે અને એ રીતે નાનાંઓ પણ મોટાંઓને કેવી મદદ કરી શકે છે તે દર્શાવ્યું છે. આમ જ નાનાંને તે નાનાં છે એમ ગણી હસી ન કાઢવા, મોટાં હોવાના ગર્વથી દૂર રહેવું – વગેરે બાબતો આ વાર્તા સરસ રીતે સમજાવે છે. 'આગબોટમાં સવારી'માં ટિંકુભાઈ પોતાનાં રમકડાંને પાણી ભરેલા ટબ રૂપી દરિયામાં કાગળની હોડી રૂપી સ્ટીમરમાં સહેલ કરાવે છે. તેનું આલેખન ખૂબ જીવંત છે. રમકડાં પણ અહીં ખુશાલી વ્યક્ત કરે છે. આમ બાળક માટે જડ-ચેતનનો કોઈ ભેદ નથી હોતો ને રમકડાંના આનંદમાં તે પોતાનો આનંદ માણી શકે છે તે બહુ સરસ રીતે વ્યક્ત કર્યું છે. ને અંતે 'હું પણ મોટો થઈશ ત્યારે મોટી સાચી આગબોટમાં બેસીશ અને મોટા દરિયામાં ફરીશ'. – એવી જે ઇચ્છા વ્યક્ત કરે છે તે પૂરી થશે જ એમ વાચક પણ ઇચ્છે તેવી તેની રજૂઆત છે. 'સોહન, ટોમી અને મીઠુ' – પશુ-પંખી ને બાળકની એક રસભરી મૈત્રીકથા છે. ત્રણેય કેવાં એકબીજાનાં સુખદુઃખમાં સાક્ષી થાય છે તે બહુ હૃદયસ્પર્શી રીતે રજૂ થયું છે.

આ સંગ્રહના કથાનકો તો સરસ છે જ, ભાષા પણ સંપૂર્ણ બાલભોગ્ય છે. ઉ. ત. 'એક હતી બિલ્લી. એનું નામ ચિલ્લી. ચિલ્લી ફરવાની જબરી શોખીન. દિવસ ઊગે ને ફરવા નીકળી

પડે. આખો દિવસ ફર્યા જ કરે.' (પૃ.૭); 'એ જોતાં જ બિલાડો એટલો બધો ડરી ગયો કે એની પૂંછડી ફૂલીને જાડી થઈ ગઈ. એ તો આગળપાછળ જોયા વગર જીવ બચાવવા ભાગ્યો.' (પૃ.૪૨). આમ આ સંગ્રહ કથાનક, રજૂઆત, ભાષા એમ બધી રીતે સુંદર સંગ્રહ છે. બાળકોને જરૂર તે ગમશે.